| | |
|---|---|
| **દાખલ તારીખ** | **13-11-2024** |
| **રજૂ થયા તારીખ** | **13-11-2024** |
| **ફેસલ તારીખ** | **18-04-2026** |

**રાણપુરના મહે.પ્રિન્સિપાલ સિવિલ જજની અદાલતમાં, મુ.રાણપુર,બોટાદ**

CMA 03/2024
આંક -

અરજદાર:-

(૧) વર્ષાબેન જગદીશકુમાર વાગડીયા તે ભુલાભાઈ ભોગીલાલ શાહના પુત્રી ઉ.વ.૫૬, ધંધો-ઘરકામ, રહે.રાણપુર, આંબલીયા ચોરા પાસે, તા.રાણપુર, જી.બોટાદ.

૨) ગુ. મંગુબેન ભોગીલાલ શાહના સીધીલીટીના અને કાયદેસરના વારસદારો

(૨/૧) અશોકકુમાર નટવરલાલ મોદી.
ઉ.વ.પુખ્ત, ધંધો-વેપાર, રહે.વિરમગામ, ઠે.ગોપાલ લાલજીની હવેલી પાસે, બાઘાવાડો, વિરમગામ.

(૨/૨) હસમુખભાઈ નટવરલાલ મોદી.
ઉ.વ.પુખ્ત, ધંધો-વેપાર, રહે.અમદાવાદ, ઠે.સી-૨૦૪, બીજો માળ, અદાણી સર્કલ, રામોલ ચાર રસ્તા, રીંગ રોડ, રાજ હોટલ પાસે, અમદાવાદ.

(2/3) કોકીલાબેન નટવરલાલ મોદી તે અરવિંદભાઈ મહેતાના પત્ની
ઉ.વ.પુખ્ત, ધંધો-ઘરકામ, રહે.વડોદરા, ઠે.બી-૨૦૮, રત્નકુંજ હાઈટસ, લાભ ટાવર, ભુલાભાઈ પાર્ક પાસે, રંગ વાટીકા પાછળ, નાની બાપોદ તળાવ પાસે, વૃંદાવન ચાર રસ્તા, વાઘોડીયા, વડોદરા.

(૩) ગુ.લીલાબેન ભોગીલાલ શાહના સીધીલીટીના-કાયદેસરના વારસદારો

(૩/૧) પરીખ હરેશકુમાર કાંતીલાલ.
ઉ.વ.૬૯, ધંધો-વેપાર, રહે.અમદાવાદ, ઠે.એ/૧૦, શ્રીનાથ એપાર્ટમેન્ટ, નીર્મળ બંગ્લોઝ પાસે, સી.ટી.એમ., અમરાઈવાડી, અમદાવાદ-૩૮૦૦૮૦.

(3/2) પરીખ જીતેન્દ્રભાઈ કાંતીલાલ,
ઉ.વ.૬૫, ધંધો-વેપાર, રહે.અમદાવાદ, ઠે.ઈ-૫૦૫, દીવ્યજીવન સતસંગ, હરીદર્શન ક્રોસ રોડ, સ્વા.મંદીર પાસે, અમદાવાદ.

(3/3) પરીખ પ્રફુલકુમાર કાંતીલાલ
ઉ.વ.૬૩, ધંધો-વેપાર, રહે.અમદાવાદ, ઠે.ગરીબ આવાસ, બરોડા હાઈવે, મજદાનગર, ચારમાળીયા, અમદાવાદ.

(૩/૪) પરીખ વનલલીતાબેન વિનોદચંદ્ર
ઉ.વ.૬૧, ધંધો-ઘરકામ, રહે.અમદાવાદ, ઠે.ઋષિકેશ ફ્લેટ, બી-૫, રતનબા સ્કુલ રોડ, ધરતી ટેનામેન્ટ, ઠક્કર બાપાનગર, અમદાવાદ.

(૪) રેણુકાબેન ભોગીલાલ શાહ તે પ્રવિણચંદ્રના પત્ની,
ઉ.વ. ૬૯, ધંધો-ઘરકામ, રહે. મુંબઈ, ઠે. નંદનવન બિલ્ડીગ, રામચદ્દૂ લેન, બીજો માળ, રૂમ નં. ૧૪, મલાડ (વેસ્ટ), મુંબઈ.

(૫) ગુ.ભુલાભાઈ ભોગીલાલ શાહના સીધીલીટીના-કાયદેસરના વારસદારો
(5/1) પ્રકાશભાઈ ભુલાભાઈ શાહ,
(5/2) સુનીલાલ ભુલાભાઈ શાહ,
ઉ.વ.પુખ્ત, ધંધો-વેપાર, રહે.વિરમગામ, બાઘાવાડો, ઠે.ગોપાલ લાલજીની હવેલી પાસે, મહેતાની ખડકી પાછળ, વિરમગામ.

**<u>વિષય: ભારતીય વારસાગત અધિનિયમ, 1925 ની કલમ 372 હેઠળ વારસાગત પ્રમાણપત્ર મેળવવા</u>**

**<u>અરજદાર તરફે વિ.વ.શ્રી કે.એચ. ભડીયાદ્રા</u>**

**<u>હુકમ</u>**

1. અરજદારે ભારતીય વારસાગત અધિનિયમ, 1925 ની કલમ 372 હેઠળ હાલની અરજી રજૂ કરી છે, જેમાં અરજી પારા-3 માં દર્શાવેલ જંગમ મિલકત અંગે વારસાગત પ્રમાણપત્ર મેળવવાની માંગ કરવામાં આવી છે.

2. અરજદારોએ અરજીમાં જણાવેલ છે કે ગુ.ભોગીલાલ હરગોવિંદદાસ શાહના પેઢીઆંબામાં દર્શાવેલ વારસદારો સીવાય અન્ય કોઈ વારસદારો છે નહીં કે હતા નહીં. ગુ.ભોગીલાલના પત્ની વિજયાબેન તથા પુત્રી મંગુબેન તથા લીલાબેન અવસાન પામેલ છે. મંગુબેન તથા લીલાબેનના વારસદારો હાલના કામે અરજદારો છે. તેમજ ભોગીલાલના પુત્ર ભુલાભાઈ પણ અવસાન પામેલ છે. તેઓના વારસદારો હાલ અરજદારો છે. પુત્રી કુંદનબેન તથા તેઓના પતી બાબુલાલ ની:સંતાન અવસાન પામેલ.અરજદારના કાકા ચીનુભાઈ ઉર્ફે ચુનીલાલ સરકારી નોકરીયાત હતા. તેઓ તા.૧૮/૧૧/૨૦૧૯ ના રોજ અવસાન પામેલ છે. તેમજ તેઓના પત્ની ભારતીબેન તા.૨૪-૧૧-૨૦૧૧ ના રોજ અવસાન પામેલ છે. બંને ની:સંતાન હતા. તેઓના અન્ય કોઈ વારસદારો છે નહી. ગુજરનાર ચુનીલાલ તથા ભારતીબેનની નીચે જણાવેલ જંગમ મીલ્કત આવેલ છે:

(૧) બેન્ક ઓફ બરોડા, રાણપુર શાખામાં ખાતા નં.૦૩૪૭૦૧૦૦૦૦૨૨૯૨ થી તેઓનું પેન્શન એકાઉન્ટ આવેલ છે. જેમા તા.૨૭/૧૧/૨૦૧૯ ના રોજ બેલેન્સ રુ.૭૨૮૦૮૯.૩૭ પૈસા હતું જે બેન્ક ચુકવણું કરે ત્યાં સુધીના વ્યાજ સાથેની રકમ

(૨) દેના બેન્ક, બોટાદ બ્રાન્ચમાં શાખામાં નં.૦૦૮૪૧૦૦૦૬૩૯૩ (એસ/જનરલ/૩૫૦૩૨) થી તેઓનું બચત ખાતુ આવેલ છે જેમા તા.૫-૩-૨૦૧૧ ના રોજ બેલેન્સ રુ.૧૬૭૯.૦૦ હતું જે બેન્ક ચુકવણું કરે ત્યાં સુધીના વ્યાજ સાથેની રકમ.

(૩) ધી અમદાવાદ ડીસ્ટ્રીક્ટ કો-ઓપ.બેન્ક લી., રાણપુર શાખામાં ખાતા નં.એસ ૧-૪૮૧૪ થી તેઓનું બચત ખાતુ આવેલ છે જેમા તા.૧/૩/૨૦૧૧ ના રોજ બેલેન્સ રુ.૪૮૯.૩૯ પૈસા હતું જે બેન્ક ચુકવણું કરે ત્યાં સુધીના વ્યાજ સાથેની રકમ.

3. અરજદારોએ વધુમાં જણાવેલ છે કે  અરજદાર નં.૧ ના નામજોગ ઉપર જણાવેલ  જંગમ મીલ્કતનું સકસેશન સર્ટીફીકેટ કાઢી આપવામાં આવે તો અરજદાર નં.૨ થી ૫ ને કોઈ વાંધો તકરાર નથી.અરજદારો દ્વારા પોતાના દાવાને સમર્થન આપવા જરૂરી દસ્તાવેજો રજૂ કરવામાં આવ્યા છે જેમ કે મૃત્યુપ્રમાણપત્ર, પેઢીનામું, બેન્ક ખાતાની વિગતો તથા અન્ય આધાર પુરાવા. અરજી દાખલ કર્યા બાદ અરજદાર દ્વારા બહોડી પ્રસિદ્ધિ ધરાવતા છાપામાં જાહેરાત પણ આપવામા આવેલી છે.પ્રસિદ્ધિ થયા છતાં કોઈ પણ વાંધા જવાબ રજૂ થયેલ નથી. તેથી હાલની અરજી બિનવિવાદિત રહેલ છે.

4. તમામ રજૂ થયેલ પુરાવો જોતા ગુજરનાર ચીનુભાઈ ઉર્ફે ચુનીલાલ તથા તેઓના પત્ની ભારતીબેન ની:સંતાન અવસાન પામેલ હોય તેવું જણાઈ આવે છે અને તેઓની બેન્ક્યાં જમા પડેલ રકમ અરજદાર નં.૧ તેઓના ભત્રીજી થતા હોય કાયદા મુજબ તેઓના વારસદાર તરીકે સકસેશન સર્ટીફીકેટ મેળવવા હકદાર છે.અરજદારો દ્વારા દાખલ કરાયેલ પુરાવા ધ્યાને લેતા અરજદાર ગુજરનારના કાયદેસરના વારસદાર છે અને તેઓ અરજીમાં દર્શાવેલ જંગમ મિલકત  અંગે વારસાગત પ્રમાણપત્ર મેળવવા હકદાર છે તેવું અત્રેની કોર્ટનું માનવું છે.જેથી નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

## <u>હુકમ</u>

(૧) હાલની અરજી મંજૂર કરવામાં આવે છે.

(૨) અરજીના પારા-3 માં દર્શાવેલ જંગમ મિલકત અંગે અરજદાર નં. 1 ના નામે વારસાગત પ્રમાણપત્ર ઇસ્યુ કરવું.

(૩) આ પ્રમાણપત્ર જરૂરી કોર્ટ ફી ભર્યા બાદ જારી કરવામાં આવશે.

(૪) અરજદારે જરૂરી સ્ટેમ્પ રજૂ કરવો રહેશે.

(૫) અરજદારે નિયમો મુજબ બોન્ડ તથા જામીન રજૂ કરવા.

તારીખ:18/04/26 — એચ.એચ.પટેલ

જગ્યા:રાણપુર,બોટાદ — પ્રિન્સિપલ સિવિલ જજ,

રાણપુર.